# રાજ્યભરમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શન : પાકના ધ્વજ ફૂંકાયા

## આંતકવાદીઓ સામે જડબાતોડ કાર્યવાહીની માંગણી સાથે દેશવાસીઓમાં આક્રોશ ભભૂકયો : શ્રદ્ધાંજલિના કાર્યક્રમો




અનંતનાગમાં નિર્દોષ અમરનાથયાત્રિકો પર હુમલાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. દેશવાસીઓમાં આંતકવાદીના કાયરતાપૂર્ણ અને બર્બરતાભર્યા હુમલાને લઈ ઉગ્ર આક્રોશ અને રોષ ભભૂકી ઉઠયા છે. ગુજરાત સહિત દેશભરમાં ચોતરફ આંતકવાદી હુમલાની આકરી નિંદા અને વિરોધ થઈ રહ્યા છે. ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા સુરત, કચ્છ-ગાંધીધામ સહિતના સ્થળોએ ઠેર-ઠેર હિન્દુ સંગઠનો અને નાગરિકો દ્વારા પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજ બાળવાથી લઈ આંતકીઓના પૂતળાદહનના જલદ કાર્યક્રમો યોજાયા હતા. દેશના વિવિધ રાજયોમાં પણ આ પ્રકારના જલદ વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા હતા. તો બીજીબાજુ, આ હુમલામાં માર્યા ગયેલા શિવભકતોને શ્રધ્ધાંજલિના કાર્યક્રમો યોજાયા હતા. પ્રદર્શનકર્તાઓ દ્વારા આજે પોતાના વિરોધ અને દેખાવો દરમ્યાન કેન્દ્ર સરકાર સમક્ષ આંતકવાદીઓને જડબાતોડ જવાબ આપવા અને પાકિસ્તાનને સબક શીખવાડવાની જોરદાર માંગણીઓ થઈ હતી. એટલું જ નહી, પાકિસ્તાન મુર્દાબાદ, પાકિસ્તાન હાય હાય, આંતકવાદનો સફાયો કરો ના સૂત્રોચ્ચાર અને નારાઓ ગુંજી ઉઠયા હતા. ભરૂચમાં તો મુસ્લિમ બિરાદરોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ રેલી કાઢી હાથમાં પાકિસ્તાન મુર્દાબાદ, અમરનાથયાત્રિકોના નિધન પરત્વે દુઃખ વ્યકત કરતા, આંતકવાદનો સફાયો કરો, પાકિસ્તાન હાય-હાય સહિતના વિરોધ પ્રદર્શિત કરતાં નારાઓ સાથેના બેનરો અને પ્લેકાર્ડ સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાયું હતું. મુસ્લિમ અગ્રણીઓએ પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજને સળગાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો તો, મુસ્લિમ ભાઈ-બહેનોએ મૃતક અમરનાથયાત્રિકોને શ્રધ્ધાંજલિ અર્પી હતી. તો, વડોદરામાં પણ આંતકવાદી હુમલાના વિરોધમાં પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ સળગાવી પાકિસ્તાન અને આંતકવાદ વિરોધી નારા લગાવી વિરોધ પ્રદર્શન દેખાવો યોજાયા હતા. આ જ પ્રકારે કચ્છમાં ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન યોજાયા હતા. ગાંધીધામમાં પ્રદર્શનકારીઓએ આંતકવાદીઓના પૂતળાનું દહન કર્યુ હતું. તો માંડવીમાં પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ બાળીને તેને પગ નીચે કચડવામાં આવ્યો હતો. સુરતમાં પણ એબીવીપી દ્વારા આંતકવાદીઓના પૂતળાના દહનનો કાર્યક્રમ યોજાયો હતો. વલસાડમાં આંતકવાદીઓને જાહેરમાં ફાંસી આપવાનો વિરોધ કાર્યક્રમ યોજાયો હતો.




# કાંકરેજના બુકોલી ગામે ગૌચરમાં દબાણ દૂર કરવા માટે ઉચ્ચકક્ષાએ રજુઆત

કાંકરેજ, તા. ૧૧

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના બુકોલી ગ્રામ પંચાયતની ગૌચર જમીન સર્વે નં. ૩૨૩ જે સમણવાના રસ્તે કાચા માર્ગે આવેલ છે. ત્યાં આગળ સરપંચ દેસાઈ દશરથભાઈ દેવાભાઈએ દબાણ કરી ભેંસો માટે તબેલો બનાવેલ અને વાવેતર કરેલ છે. તેમજ પાકુ મકાન અને બોર પણ આવેલ છે. જે બાબતે બુકોલી ગામના જાગૃત નાગરીકો દ્વારા કલેકટર બનાસકાંઠા પાલનપુર, મહેસુલમંત્રી ગાંધીનગર, દબાણ સેલ પાલનપુર અને તાલુકા વિકાસ અધિકારી કાંકરેજને લેખિત જાણ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તાલુકાના સત્તાદિશો દ્વારા હજુ સુધી કોઈ તપાસનો દોર શરૂ ન કરાતા અનેક સવાલો ઉઠવા પામ્યા છે. જ્યારે બુકોલીના રસ્તા ઉપર ખાડા પડી ગયા છે. ગ્રામ પંચાયતમાં રોયેલ્ટીની મોટી ગ્રાન્ટ હોવા છતાં કાચારસ્તા ઉપર જેસીબી મશીન લાવી લેવલીંગ કરવાના દેખાવો કરવામાં આવ્યા હતા. પરંતુ ગામમાં પારાવાર ગંદકી નજરે પડે છે પરંતુ સરપંચના પેટનુ પાણી પણ હલતુ નથી. જોકે ગ્રામ પંચાયતની બોડીને વિશ્વાસમાં લીધા વગર રોયેલ્ટીની ગ્રાન્ટ વાપરવામાં આવતી હોવાની પણ ચર્ચાઓ જાગી છે. ત્યારે આવા સરપંચ સામે તંત્ર કેવા પગલા ભરે છે તે વિશે લોકોમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. જોકે તંત્રની ઘોર નિંદ્રાથી આવા દબાણદાર સરપંચો કાયદાનુ ઉલ્લંઘન કરતા હોય તો આમ પ્રજાનુ શું જેથી કરી બુકોલી ગ્રામ પંચાયત સરપંચ દ્વારા કરાયેલ દબાણ હવે કેટલા સમયમાં દૂર કરવામાં આવે છે તે જોવુ રહ્યું.

# હુમલાને પગલે રાજ્યમાં હાઈએલર્ટ

## સોમનાથ, અંબાજી, દ્વારકા, ડાકોર સહિતના યાત્રાધામોમાં પણ લોખંડી સુરક્ષા : લેન્ડ અને દરિયાઇ બોર્ડર પર સુરક્ષા

અનંતનાગ ખાતે અમરનાથયાત્રા પર આંતકવાદી હુમલાના ઘેરા પ્રત્યાઘાત ગુજરાત સહિત દેશભરમાં પડયા છે ત્યારે દેશભરમાં સલામતી વ્યવસ્થા અને સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દેવાઈ છે. અમદાવાદ શહેર સહિત ગુજરાતભરમાં હાઈએલર્ટ જારી કરી દેવાયું છે. એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, એસટી બસ સ્ટેન્ડ સહિત તમામ જાહેરસ્થળોએ સઘન ચેકીંગ અને તપાસ હાથ ધરાઈ રહી છે, તો બીજીબાજુ, સોમનાથ, અઁબાજી, દ્વારકા, ડાકોર સહિતના યાત્રાધામોમાં પણ લોખંડી સુરક્ષા વ્યવસ્થા ખડકી દેવાઈ છે. તો સાથે સાથે રાજયની લેન્ડ અને દરિયાઈ બોર્ડર પર પણ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવાઈ છે અને એકેએક શંકાસ્પદ હિલચાલ પર ચાંપતી નજર રખાઈ રહી છે. અમરનાથયાત્રા પર આંતકી હુમલાની દહેશત થોડા દિવસ પહેલાં જ સુરક્ષા એજન્સીઓએ વ્યકત કરી હતી અને આખરે તે સાચી સાબિત થઈ. ગઈકાલે અનંતનાગમાં અમરનાથ યાત્રાળુઓને લઈને જતી બસ પર આંતકી હુમલામાં ગુજરાત અને મહારાષ્ટ્રના સાત શ્રધ્ધાળુઓ મોતને ભેટયા હતા, જયારે ૧૯થી વધુને ઈજા પહોંચી હતી. આ આંતકી હુમલાને લઈ દેશભરમાં કેન્દ્ર સરકાર અને તંત્ર દ્વારા સુરક્ષા એજન્સીઓ અને કર્મીઓને એલર્ટ કરી દેવાયા હતા. આંતકી હુમલામાં ભોગ બનનાર મોટાભાગના ગુજરાતીઓ હોવાથી ખાસ કરીને અમદાવાદ સહિત ગુજરાતભરમાં હાઈ એલર્ટ જારી કરી દેવાયુ છે. શહેરના કાલુપુર-મણિનગર રેલ્વે સ્ટેશન, એરપોર્ટ, એસટી બસ સ્ટેન્ડ સહિતના સ્થળોએ સઘન ચેકીંગ હાથ ધરાતુ હતું. પોલીસ અને સુરક્ષા જવાનો વાહનો તેમ જ શંકાસ્પદ વ્યકિતઓના થેલા-બેગ ચેક કરતા પણ નજરે પડતા હતા. રેલ્વે સ્ટેશનો, એસટી બસ સ્ટેન્ડ સહિતના જાહેર સ્થળોની સુરક્ષા વ્યવસ્થા ખાસ વધારી દેવામાં આવી હતી.





## મોડાસા ચાર રસ્તા પર આતંકવાદીના પુતળાનુ દહન

જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં આતંકીઓએ ગુજરાતના અમરનાથ યાત્રીકો પર સોમવારે રાત્રીના ૮.૧૦ વાગ્યાના સુમારે લકઝરી બસ પર આતંકવાદી હુમલો કરી આડેધડ ગોળીબાર કરતા ગુજરાતના સાત યાત્રીકોના મોત નિપજતા સમગ્ર દેશ અને ગુજરાતીઓમાં આતંકવાદી ઘટના સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને તેના પડઘા ઠેર ઠેર પડી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને દૂર્ગાવાહિનીના કાર્યકરો દ્વારા આતંકવાદી પૂતળાનુ દહન કરી ઘટનાને વખોડી કાઢી સરકાર દ્વારા સખ્ત કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી હતી. મોડાસા ચાર રસ્તા નજીક મંગળવારે ૪ વાગ્યાના સુમારે વીએચપી, બજરંગ દળ અને દૂર્ગાવાહિની દ્વારા આતંકવાદી પૂતળાનુ દહન કરી શ્રીનગર નજીક અનંતનાગમાં થયેલા ટ્રાવેલ્સ બસ પર સોમવારે રાત્રીએ થયેલા આતંકવાદી હુમલામાં ૭ ગુજરાતીઓના મોત નિપજતા અને આતંકવાદી હુમલાનો વિરોધ કરવા મોટી સંખ્યામાં યુવાનો, પુરૂષો, મહિલાઓ ઉમટી પડી સુત્રોચ્ચાર કરી સખ્ત શબ્દોમાં નિંદા કરી સરકારને આતંકવાદીઓ સામે સખ્ત કાર્યવાહિ કરવા કરારો જવાબ આપવાની ઉગ્ર માંગ કરી હતી.

# પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા વિશ્વ વસ્તી દિનની ઉજવણી કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ વસ્તી દિન ઉજવણીના હેલ્થ ઓફિસર ડાૅ. ગૌત્તમ નાયકના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહંત સુનીલદાસજી મહારાજ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, પ્રાંતિજ તાલુકા



ભાગરૂપે દશામાં મંદિરના હોલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

આરોગ્ય શાખા સાબરકાંઠા જીલ્લો અને પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા પ્રાંતિજ ખાતે વિશ્વ વસ્તી દિન અંતર્ગત વસ્તી સ્થિરતા પખવાડીયાની ઉજવણી તાલુકા

જેમાં ૨૭ જુનથી ૧૦ જુલાઈ દંપતિ સંપર્ક પખવાડીયુ અને ૧૧ જુલાઈથી ૨૪ જુલાઈ જનસંખ્યા સ્થિરતા પખવાડીયુ ઉજવણી કરવામાં આવશે જયારે નાનું કુટુંબ સુખી કુટુંબને સાર્થક માટે પ્રયત્નો કરવામાં આવશે જયારે આ હેલ્થ ઓફિસર ડાૅ. ગૌતમ નાયક સહિત ડાૅકટરો તાલુકા હેલ્થ સ્ટાફ, આશા કાર્યકરો, ફેસીલેટર બહેનો સહિત ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જી.વાય. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### હાઈ એલર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવ્યા હોવા છતાં આ આતંકવાદી હુમલો કઈ રીતે થયો તેને લઈને પહેલેથી જ ટિકાટિપ્પણી શરૂ થઈ છે. દેશમાં નિયમિત ગાળામાં ત્રાસવાદી હુમલાઓ થતાં રહ્યા છે. નવેસરના આતંકવાદી હુમલા બાદ મોટા સ્થળો ઉપર પેટ્રોલિંગ અને કોમ્બિંગની પ્રક્રિયા તીવ્ર બનાવી દેવામાં આવી છે. વાહનોની ચકાસણી થઈ રહી છે.

### કોઈ ના બચત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંતકી હુમલામાં ૪૫થી વધુ યાત્રિકોના જીવ બચાવનાર બસના ડ્રાઈવર સલીમ શેખના છે. સલીમ શેખે જણાવ્યું હતું કે, ૪૫થી વધુ યાત્રિકોના જીવ બચાવ્યા તેનો ગર્વ છે પરંતુ જે સાત નિર્દોષ શ્રધ્ધાળુઓ આંતકી હુમલામાં માર્યા ગયા તેનું દુઃખ અને રંજ પણ છે. ખતરનાક આંતકી હુમલાના તાજના સાક્ષી એવા બસના ડ્રાઈવર સલીમ શેખે હુમલાની નજરે જોયેલી અને તેમાં પસાર થયેલી એકેએક પળનું વર્ણન કરતાં જણાવ્યું કે, અમે શ્રીનગરથી બસ લઈને નીકળ્યા ત્યારે અમારી સાથે મહારાષ્ટ્રની અને બીજી બસો પણ હતી પરંતુ અમારી બસમાં રસ્તામાં પંચર પડતા અમે પાછળ રહી ગયા હતા અને અમારી બસ બધાથી મોડી પડી હતી. લગભગ આઠ સવા આઠ વાગ્યાની આસપાસ અનંતનાગ ખાતે ટર્નીંગમાં અચાનક જ આંતકવાદીઓએ અંધાધૂંધ ફાયરીંગ શરૂ કરી દેતા હાહાકાર મચી ગયો હતો. બસમાં બેઠેલા મહિલા, પુરૂષો, વૃધ્ધો સહિતના શ્રધ્ધાળુ યાત્રિકોની ચીસાચીસ અને ડરામણી રોકકળથી વાતાવરણ ગાજી ઉઠયું હતું. આંતકીઓના અંધાધૂંધ ફાયરીંગ દરમ્યાન મારા માથા પાસેથી ગોળી પસાર થતાં હું નીચો નમી ગયો હતો અને સહેજ ગભરાઈ ગયો હતો. જો કે, માલિક (અલ્લાહ)ની મહેરબાનીથી મેં બસ પૂરપાટઝડપે હંકારવાનું ચાલું જ રાખ્યું હતું. મેં કોઈપણ સંજોગોમાં બસ અટકવા દીધી ન હતી. બસનો એક પણ કાચ સલામત રહ્યો નથી, બધા કાચ તૂટી ગયા છે અને બસ પર ગોળીઓના જ નિશાન છે. હું બે કિલોમીટર સુધી બસ આગળ હંકારી ગયો હતો અને એક મીલેટ્રી કેમ્પ આવતાં ત્યાં બસ રોકી તેઓને જાણ કરી હતી. આર્મીના જવાનો તરત જ આંતકીઓને પકડવા રવાના થયા હતા અને બીજીબાજુ, ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી.

### ઉમેદવાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નેતૃત્વમાં આજે યોજાયેલી વિરોધ પક્ષોની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મોડેથી સોનિયા ગાંધીએ જાહેરાત કરી હતી કે, ૧૮ પાર્ટીઓએ ગાંધીને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવાને મંજુરી આપી છે. ગોપાલ ગાંધીના નામનું સૂચન ઘણા દિવસથી કરવામાં આવી રહ્યું હતું. પહેલાથી જ તેમનું નામ દોડમાં સૌથી આગળ રહ્યું હતું. જો કે, ભાજપ તરફથી રણનીતિ બદલી દેવામાં આવ્યા બાદ કોંગ્રેસે પણ યોજના બદલી હતી. સૌથી પહેલા કોંગ્રેસ પાર્ટીએ ગોપાલકૃષ્ણ ગાંધીને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવાની તૈયારી કરી હતી પરંતુ ભાજપે રામનાથ કોવિંદને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરતા વિપક્ષને રણનીતિ બદલવાની ફરજ પડી હતી અને વિપક્ષે પણ દલિત ઉમેદવાર મીરાકુમારને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો હતો. કોંગ્રેસ અને વિપક્ષની રણનીતિ આ વખતે પણ જુદી પ્રકારની દેખાઈ રહી છે. ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારની જાહેરાત કરી દેવામાં આવી છે. આજે વિપક્ષની બેઠકમાં આ અંગે મંજુરી લેવામાં આવી હતી. ટીએમસીના નેતા ડેરેક ઓબ્રાયને ગોપાલ ગાંધીને ફોન કરીને તેમને ઉમેદવાર બનાવવાની માહિતી આપી હતી. સૂત્રોના કહેવા મુજબ ગાંધીએ કહ્યું હતું કે, જો તમામ પાર્ટીઓ તેમના નામ ઉપર સહમત થયા છે તો ઉમેદવાર બનવા માટે તૈયાર છે. ત્યારબાદ નેતાઓએ ગાંધીના નોમિનેશન પેપર પર હસ્તાક્ષર કર્યા હતા. વિપક્ષી નેતાઓની બેઠકમાં જેડીયુ પણ સામેલ રહેતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. જેડીયુએ અગાઉ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કોવિંદને ટેકો આપ્યો હતો.

### લીસા ફ્લોરીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરવામાં પણ નિરસતા સેવાઈ રહી છે. જયારે બસ સેવાના યોગ્ય આયોજનના અભાવ વચ્ચે સલામત સવારી માટે નાગરિકોએ વલખા મારવા પડતા હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. ત્યારે ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીનો મુદ્દો પણ હજુ રામભરોસે છે. ગમે ત્યારે આમ નાગરિકોના ખિસ્સા કપાય છે. મુસાફરોને જરૂરી સુવિધા તો મળતી નથી પરંતુ દુવિધાઓનો કોઈ પાર નથી. પોલીસ પહેરાના અભાવ વચ્ચે મુસાફરો તસ્કરીનો ભોગ બને છે. ત્યારે ડેપો સંકુલમાં ફલોરીંગનુ કામ પણ યોગ્ય રીતે ન થતા મુસાફરો માટે આજા ફીસલજા...જેવી સ્થિતિ થઈ છે. ડેપોમાં આ ફલોરીંગ મુલાકાતીઓ માટે સાનુકુળ ન હોવાના લીધે સિનિયર સિટીઝન્સ ડગ માંડતા પણ ગભરાય છે.

### શરમકથા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચી ગઈ હતી. બાળક એક રુમાલમાં લપેટીને ફેંકી દેવાયેલી હાલતમાં હતુ. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ બાળકને લઈ જઈ એન.આઈ.સી.યુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યુ અને તબિબિ પરિક્ષણમાં તે બાળક તંદુરસ્ત હોવાનુ જાણવા મળ્યુ છે. હાલ બાળક હોસ્પિટલમાં દાખલ છે. ડભોડા પોલીસે અજાણ્યા શખ્સ સામે આઈ.પી.સી કલમ ૩૧૭ મુજબ ગુનો દાખલ કરી તેને પકડી પાડવા તજવીજ શરુ કરી છે. બાળકી (ફીમેલ) ત્યજી દેવાઈ હોત તો પુત્ર પ્રાપ્તીની ઘેલછામાં ત્યજી હોય તેવી શંકા જાય પરંતુ તંદુરસ્ત બાળક (મેલ) ત્યજી દેવાયેલુ મળતા કોઈએ પોતાનુ પાપ છુપાવવા આ કૃત્ય આચર્યુ હોઈવાની શક્યતા પ્રબળ બનતા પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે. ડભોડા પી.એસ.આઈ ડી.બી.વાળાએ આસપાસના સરકારી અને ખાનગી દવાખાનાઓમાં તાજેતરમાં થયેલી પ્રસુતીઓની યાદી કઢાવી તેના આધારે બાળકની માતા સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

### ચાર માર્ગીય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર તથા ગાંધીનગર તાલુકા ભાજપના પ્રમુખ જશુભાઈ પટેલે માર્ગ-મકાન મંત્રી અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના આ નિર્ણયને આવકારતાં જણાવ્યું છે કે દક્ષિણ વિસ્તારમાં આંતરમાળખાકીય સુવિધાનુ મજબુતીકરણ થશે. કોબા-અડાલજ લીંકરોડના ૪ માર્ગીકરણ કરવાના નિર્ણયથી ગાંધીનગરમાં ટ્રાફિક ભારણ ઘટશે એટલુ જ નહિ વાહન વ્યવહાર પણ ઝડપી અને સલામત બનશે. તેમણે મંત્રીના આ નિર્ણય માટે આભાર માનતાં જણાવ્યું છે કે આને પગલે વિકાસને પણ આ વિસ્તારમાં નવો વેગ મળશે.

### તંત્ર હરકતમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાનો પરથી મચ્છરોના પોરા મળી આવતાં તાત્કાલિક એન્ટી લારવેલ સહિત પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

બીજા દિવસે સર્વે દરમ્યાન તાવના ૪૬૩ કેસ મળી આવ્યા છે. ગઈકાલે પ્રથમ દિવસે ૬૩૦ કેસ તાવના મળી આવ્યા હતા. તંત્રની ટીમોએ દર્દીઓના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપેલ છે.

બે દિવસમાં એક હજારથી વધુ તાવના દર્દીઓ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે તેમજ સબ સલામતની ગુલબાંગોનો દાવો પોકળ સાબિત થયો છે. તાવના મોટી સંખ્યામાં દર્દીઓ મળી આવતાં તંત્ર હરકતમાં આવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં જળ સંગ્રહના પાત્રોની સફાઈ પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

જિલ્લામાં જે રીતે મચ્છરોના પોરા મળી રહ્યા છે અને તાવના દર્દીઓ મળી રહ્યા છે તેને લઈ તંત્ર ગંભીર બન્યુ છે અને મોન્સુન એક્શન પ્લાનનો અમલ અસરકારક રીતે થાય તે માટે ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

### આંતરિક માર્ગો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોમાં આંતરિક માર્ગોની દશા અત્યંત કંગાળ છે. જયારે વરસાદી દિવસોમાં રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા અંધારામાં ગાબડા ગ્રસ્ત માર્ગો પર નિકળવાનુ પણ જોખમી બન્યુ છે. સેકટરોના કેટલાક વિસ્તારમાં આંતરિક માર્ગોનુ અસ્તિત્વ જ ભુસાઈ ગયુ છે. અઢી દાયકા પુર્વે માર્ગો અસ્તિત્વમાં આવ્યા તે પુર્વે જે સ્થિતિ હતી તેવા દ્રશ્યો જોવા મળી રહયા છે. માર્ગો પરથી ડામરનુ લેયર ગાયબ થઈ ગયુ છે. જેના લીધે કેટલાક ઠેકાણે મેટલ પથરાયેલા જોવા મળી રહયા છે. માર્ગો અદ્રશ્ય થઈ ગયા છે. માર્ગોની અત્યંત કંગાળ હાલતના લીધે વાહનવ્યવહાર પણ જોખમી બન્યો છે. આવા સંજોગોમાં સ્થાનિક કોર્પોરેટરો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. માર્ગ વચાળે ના ગાબડા રાહદારીઓ માટે જોખમી પુરવાર થયા છે. ત્યારે સ્થાનિક રહીશોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. વોર્ડ નં-૭ ના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા ,હિરલ જોષી તેમજ ઉર્મિલા વર્માએ આ અંગે માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સમક્ષ રજુઆત પણ કરી છે. જયારે ત્વરિત અસરથી સેકટરોના આંતરિક માર્ગોના નેટવર્કની સુધારણાનુ કામ હાથ ધરવામાં નહીં આવે તો પાટનગર યોજના ભવનનો ઘેરાવો કરવા સહીત આંદોલનની રાહે ઉગ્ર લડત આપવામાં આવશે તેમ પણ જણાવાયુ છે.

### હેલ્લો ફ્રેન્ડ્સ!

● ૪ પાનાનું ચાલુ...

શકે.' મેન-મેનેજમેન્ટ અને મશીન વચ્ચે બેલેન્સ રાખી એમણે લોકોની લાગણીનો ઈલ્કાબ મેળવ્યો છે, અને એ પોતે એ વાતથી ગદગદીત હૃદયે વિદાય લે છે. તમારી ઉપલબ્ધીઓ તમને 'ભારતરત્ન' અપાવી શકે પણ 'માનવરત્ન' એવોર્ડ તો લોકોની લાગણીથી જ મળી શકે... કલ્પતરૂ પરિવારના હૃદયમાં રાજ કરતાં પટેલ સાહેબ અમીટ છાપ છોડીને જઈ રહ્યાં છે.

ચૂંટલો : ક્રિકેટના ગોડ તરીકે જેમ સચિન તેંડુલકરનું નામ લેવાય છે એમ કલ્પતરૂના ગોડ તરીકે ડી.બી. પટેલનું, અને કોઈ પણ ક્ષેત્રના ગોડ બનવા માટે પેશન જોઈએ. પ્રસિદ્ધિ અને પૈસો તો એની બાય પ્રોડકટમાં મને. પૈસા કમાવનો સહેલો છે, પ્રતિષ્ઠા માટે તો લાગણીશીલ બની લોકોના દુઃખદર્ક દિલથી સમજવા પડે.

### સાયકલો દોડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂઆતના તબક્કમાં ૧૦ સાયકલ સ્ટેન્ડ તેમજ ૧૦૦ સાઈકલો મુકવામાં આવી હતી. જયારે પ્રથમ ત્રણ મહીના દરમિયાન નાગરિકોને આ સાયકલ સવારી વિના મુલ્યે ઉપલબ્ધ કરવામાં આવી હતી. જયારે નગરના માર્ગો પર સવારે તેમજ સાંજના સમયે વિશેષ સાયકલો દોડતી નજરે પડે છે. ગુડાના આ પ્રોજેકટને આમ નાગિરકોનો સાનુકુલ પ્રતિસાદ મળતા ગુડા દ્વાર નાગરિકોની જરૂરિયાતને ધ્યાને લઈ નવા ૨૦ સ્ટેન્ડ તેમજ અન્ય ૫૦૦ સાઈકલો મુકવા માટેનુ કામ શરૂ કરી દેવાયુ છે. શહેરના કેટલાક સ્ટેન્ડ પર નવા સ્ટેન્ડ પર સાઈકલો મુકી દેવામાં આવી છે. ગત તા ૨૧ માર્ચ૨૦૧૬ થી શરૂ થયેલા આ પ્રોજેકટ અન્વયે નવા સ્ટેન્ડ અને નવી સાઈકલોની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રોજેકટને આગળ વધારવા તેમજ વધુ નાગરિકોને તેનો લાભ મળે તેવા આશયથી નવા સ્ટેન્ડ કાર્યરત કરી દેવાયા છે.